<u>ક્રિમીનલ કેસ નં–૮૬૪૯/૨૦૧૩</u>

<u>–આંક–૧ લગત હુકમ–</u>

વિ.એ.પી.પી.શ્રીની આંક–૧૩ ની અરજી વંચાણે લીધી,રજુઆતો ધ્યાને લીધી તથા જીલ્લા કલેકટરશ્રીનો આદેશ નં.**<u>ના.જે–એકસ–ડોરમેન્ટ કેસ–ફા.નં.૧૭૦/૧૯, તા.૧૧/૧૨/૨૦૧૯</u>** નો ધ્યાને લીધો. રેકર્ડ જોતા પુરતા પ્રયત્નો કરવા છતા આરોપીને પ્રોસેસની બજવણી થઇ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચીત કરી શકાતી નથી તેમજ નજીકના ભવીષ્યમા પણ આરોપી મળી આવી શકે તેવી શકયતા નહીવત જણાય છે તેમજ હાલનો કેસ ઘણો જુનો હોય તથા સરકારશ્રીના ડોરમેટ કેસો વિડ્રો કરવા અંગેના પરીપત્રના વ્યાપમા પડતો હોય, રજુઆતો ધ્યાને લેતા જો આવા ડેડવુડ કેસોનુ ભારણ ઘટે તો અસરકારક કેસો પર વધુ ધ્યાન આપી શકાય તેમ હોય એ.પી.પી.શ્રીની હાલની અરજી જાહેર હીતમા કરવામા આવેલ હોવાનુ તથા શુભ નીષ્ઠાપુર્વક કરવામા આવેલ હોવાનુ જણાતુ હોય સદર અરજી મંજુર કરવાથી ન્યાયનુ હીત જળવાશે તેમ જણાતુ હોય સદર ફોજદારી કાર્યવાહી પાછી ખેચી લેવાની હાલની પરવાનગી અરજી મંજુર કરવામા આવે છે.

આજરોજ સ્પે. સીટીંગમા હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૧૨/૨૦૧૯
રાજકોટ

(એમ.એ.મકરાણી)
પ્રીસાઇડીંગ ઓફીસર લોક–અદાલત
૬ઠા અધિક સીનીયર સીવીલ જજ અને
અધિક ચીફ જયુ. મેજી.
રાજકોટ
જીજે૦૧૦૦૭